### ભારત બિચારૂ-બાપડુ રહ્યું નથી

# ભારત વિશ્વગુરૂ બનવા જઇ રહ્યુ છે : દિપસિંહ રાઠોડ

બાયડ તા.૨૯ સુશાસન સપ્તાહ અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના નલીનકાંત ગાંધી ટાઉન હોલ ખાતે સાંસદશ્રી દિપસિંહ રાઠોડની અધ્યક્ષતામાં કાર્યક્ર્મ યોજાયો. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા લાભાર્થીઓને સહાય વિતરણ, પ્રમાણપત્ર વિતરણ મહાનુભવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાબરકાંઠા-અરવલ્લી સાંસદ શ્રી દિપસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, પૂર્વ વડાપ્રધાનશ્રી અટલજીના માનમાં તેમના જન્મ દિવસને આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુશાસન દિન તરીકે ઉજવવાનું શરૂ કરી ખુબ જ પ્રશંસનિય કામગીરી કરી છે. વડાપ્રધાનશ્રી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ગામડામાં થ્રી-ફેઝ વિજળીથી વિકાસ યાત્રાની શરૂઆત કરી હતી. આજે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતને વિશ્વગુરૂ બનવા તરફ વિકાસ યાત્રા આગળ વધારી રહ્યા છે. કોરોનાના કપરા સમયે ભારતે સમગ્ર વિશ્વને મદદ કરી હતી. આજે વડાપ્રધાનનરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત બિચારૂ-બાપડુ રહ્યું નથી. આજે આપણે છેવાડાના માનવીએ વિકાસના ફળ ચાખ્યા છે અને ભવિષ્યમાં આપણો વિકાસ વધુ વેગવંતો બને તે માટે આપણે સૌ નાગરીકોએ પોતાનો સહયોગ આપી આત્મનિર્ભર ભારત તરફ આગફ વધવાનું છે. રાજ્યસભા સાંસદ શ્રીમતી રમીલાબેન બારાએ પ્રાસંગિક પ્રવચન કરતા જણાવ્યું હતું કે, આજે છેવાડાના પોશીનાના ગામડાઓ સુધી વિજળી, પાણી અને આરોગ્યલક્ષી સેવાઓ પહોચાડી આપણને સુશાસનના ફળ મળી રહ્યા છે. આદિજાતી વિસ્તારના નાગરીકોને જંગલ-જમીનના હક દાવાઓ આ સરકારે આપી સાચા અર્થમાં વનબંધુઓનુ કલ્યાણ કર્યુ છે. વધુમાં તેમણે જણાવ્યું કે, પાલદઢ વાવના ૧૨૦૦ શહિદોને શ્રધ્ધાંજલી આપતા નરેન્દ્રભાઈએ વિરાંજલી વનનું નિર્માણ કરાવ્યું હતું. આપણા આ શહિદ વિરોને ઈતિહાસમાં અમર કરી દિધા. આજે આઝાદીના ૭૫ વર્ષના અમૃત મહોત્સવ પ્રસંગેએ શહિદોને નમન.



આ પ્રસંગે આદિજાતી વિકાસ વિભાગના વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહુર્ત મહાનુભવોના હસ્તે કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે હિંમતનગર ધારાસભ્યરાજેન્દ્રસિંહ ચાવડા, કલેક્ટર હિતેષ કોયા, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી યતીનબેન મોદી, તાલુકા પંચાયત પ્રમુખશ્રી વિનોદભાઈ, મહિલા અગ્રણી કું. કૌશલ્યા કુંવરબા, પ્રયોજના વહિવટદારશ્રી ચૌધરી અન્ય અમલીકરણ અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ દ્વારા કોંગ્રેસનાં ૧૩૭ માં સ્થાપ્રા દિવસ ની ઉજવણી કરવામાં આવી

અંગ્રેજોની ગુલામીમાંથી સ્વાતંત્રતા - સ્વાતંત્રતાથી દેશ નિર્માણ- દેશ નિર્માણથી આધુનિક ભારતની દિશા આપનાર-ભારતની વિવિધતામાં એકતા રાખી -દેશ ને અખંડીત રાખનાર-અસંખ્ય ત્યાગ, બલિદાન અને ખુમારીનો વારસો ધરાવનાર ''ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ''નાં ૧૩૭ માં સ્થાપના દિવસ નિમિતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર નાં આદેશ અનુસાર સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ સમિતી દ્વારા હિંમતનગરના મોતીપુરા વિસ્તાર માં આવેલ સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત માનસિક દિવ્યાંગ બાળકો ની સંસ્થા નાં ૧૦૦ દીકરાઓ અને ૧૨ દીકરીઓ ને ભોજન કરાવી તેમની સાથે સમય વિતાવી કોંગ્રેસ નાં ૧૩૭ માં સ્થાપના દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી

આ પ્રસંગે સાબરકાંઠા જીલ્લા પ્રમુખ કમલેશ પટેલ તાલુકા પ્રમુખ લાલસિંહ પરમાર મહેન્દ્રસિંહ બારૈયા રામભાઈ સોલંકી મુકેશ પરમાર દેવ પટેલ રાજેન્દ્ર દુંન રફીક કુરેશી કમલાબેન પરમાર યુસુફભાઈ બચ્ચા વિગેરે કોંગ્રેસ નાં હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા

## જન્મદિને વધામણી



જયદીપ દરજી
પત્રકાર
મોટીજહેર તા કપડવંજ



પ્રજાપતિ હની મયંકભાઈ
શ્રીજીચરણ સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી



વિશ્વા કમલેશભાઈ દરજી
વ્રજ ગાર્ડન સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી

**રક્તદાન મહાદાન**

# જિલ્લાના તળાવોમાં દર વર્ષે શિયાળો ગાળવા આવતા પક્ષીઓ ફરક્યાં જ નહી

બાયડ, તા. ૨૮

દર વર્ષે શિયાળાની સીઝનમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના ૩૦ થી વધુ મોટા તળાવોમાં મોટી સંખ્યામાં યાયાવર પક્ષીઓ શિયાળો ગાળવા માટે આવતાં હોય છે પરંતુ આ વખતે ડિસેમ્બર પૂર્ણ થવા આવ્યો હોવા છતાં હજુ સુધી તળાવોમાં વિદેશી પક્ષીઓ ફરક્યા નથી જેથી બદલાતા જતા વાતાવરણની અસરથી દીશા જ્ઞાન ધરાવતા પક્ષીઓ દીશા ભૂલ્યાં છે કે કેમ..?? તેવા સવાલો ચર્ચાઈ રહ્યા છે. જિલ્લામાં કુદરતી રીતે પક્ષીઓ પાસે દીશાની સૂઝ હોય છે પરંતુ હજુ સુધી તળાવોમાં આકર્ષણરૂપ પક્ષીઓ દેખાતાં ન હોવાથી પક્ષી વિદો માટે આ વિષય સંશોધનનો બન્યો છે.

**પક્ષી વિદો માટે અભ્યાસનો વિષય : બદલાતા વાતાવરણની અસરથી દીશા ભૂલ્યાં કે શું..?? ચર્ચાતો સવાલ : તળાવોમાં યાયાવર પક્ષીઓ ન દેખાતાં નિરાશ થતા પક્ષી પ્રેમી**

શિયાળાની સીઝનમાં હિમ પ્રદેશમાં રહેતાં પક્ષીઓ હાડ થીજવી દેતી ઠંડીથી બચવા અને ખોરાકની શોધમાં હજારો માઈલની સફર કરી દર વર્ષે ગુજરાતના નળ સરોવર, ખીજડીયા અને થોર જેવા પક્ષી અભ્યારણોમાં આવતાં હોય છે તે પ્રકારે પાછલા કેટલાક વર્ષોથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના મોટા તળાવોમાં પણ વિદેશી પક્ષી શિયાળા દરમ્યાન આકર્ષણનું કેન્દ્ર બનતાં હતાં. શિયાળામાં અહીંનું હવામાન સાયબેરીયાથી આવતા કુંજ, સુરખામ, પેલીકન તેમજ સારસ સહિતના પક્ષીઓને અનુકુળ આવતું હોવાથી બાયડ તાલુકાના આંબાગામ સહિતના તળાવો યાયાવર પક્ષીઓથી રીતસરના ઉભરાતા જોવા મળતા હતા પરંતુ અગાઉના ૨ વર્ષ દરમ્યાન પક્ષીઓની સંખ્યામાં સતત ઘટાડો નોંધાયા પછી આ વખતે તો ડિસેમ્બર માસ પૂર્ણ થવા આવ્યો હોવા છતાં યાયાવર પક્ષીઓ ફરક્યા નથી જેથી આ વિષય સંશોધનનો બન્યો છે. સાયબેરીયા જેવા ઠંડા પ્રદેશમાંથી ઉડીને જિલ્લાના તળાવો સુધી પહોંચી જતાં આ પક્ષીઓ ઉનાળો શરૂ થાય એટલે તેમના મૂળ પ્રદેશમાં પરત ફરતાં હોય છે. આ વખતે સાત સમુંદર પારથી શિયાળામાં મહેમાન બનતાં પક્ષીઓ તળાવોમાં જોવા ન મળતાં પક્ષી પ્રેમીઓ નિરાશ થયા છે. યાયાવર પક્ષીઓ પાસે કુદરતી રીતે દીશા જ્ઞાન ઉપરાંત રહેઠાણ ઓળખવાની કુદરતી શક્તિ રહેલી છે જેથી રસ્તામાં ભૂલાં પડ્યા વગર આ પક્ષીઓ જિલ્લાના તળાવોમાં શિયાળો ગાળવા આવતાં હતાં પરંતુ હમણાંથી સતત બદલાતા જતા વાતાવરણની અસર થઈ હોય કે પછી અન્ય કોઈ સમસ્યાના કારણે યાયાવર પક્ષીઓ આવ્યાં નથી જેથી પક્ષીવિદોએ આ અંગે સંશોધન કરવું રહ્યું.

### ભૂમાફીયાઓ સામે કાયદો કેટલો કારગત

# જિલ્લાની અનેક કિંમતી જમીનો ઉપર ભૂમાફીયાઓનો કબજો

**સાચી ફરિયાદ છતાં પોલીસ કે તંત્ર મદદે આવતું નથી**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯ રાજ્યમાં ભૂમાફીયાઓના વધતા આતંક ઉપર અંકુશ મેળવવા ગુજરાત સરકારે ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહીબીશન એક્ટનો અમલ શરૂ તો કર્યો છે પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની અનેક કિંમતી જમીનો ઉપર ભૂમાફીયાઓએ પહેલાંથી જ કબજો મેળવ્યો છે અને સાચી ફરિયાદ છતાં વહીવટી તંત્ર કે પોલીસ મદદે આવતું નથી એ તો ઠીક કોર્ટના આદેશ પછી પણ હક્ક મેળવવામાં વિલંબ થઈ રહ્યાના દાખલા મોજુદ છે ત્યારે ભૂમાફીયાઓ સામે ઘડેલો કાયદો કેટલો કારગત નિવડશે..??

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની અનેક કિંમતી જમીનોમાં યેનકેન પ્રકારે વિવાદ ઉભો કરી ભૂમાફીયાઓ પોતાની ચાલ શરૂ કરી દે છે અને સમય જતાં કાયદાની આંટીઘૂંટીમાં ખેલ પાડી કરોડોની જમીન ઉપર કબજો જમાવી દીધો છે અને ત્યાર પછી પોલીસ ફરિયાદ થાય તો પણ તંત્રને પોતાના હાથમાં લઈ સાચા અરજદારોને તગેડી મૂકવામાં આવે છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, ભિલોડા, હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઈડર, ખેડબ્રહ્મા સહિતના અનેક વિસ્તારોમાં ભૂમાફીયાઓએ જમીન ઉપર કબજો મેળવ્યાના આક્ષેપ સાથેની થોકબંધ ફરિયાદો તંત્ર અને પોલીસ સ્ટેશનમાં આજે પણ મોજૂદ છે પરંતુ ભૂમાફીયાઓ પાણીની માફક પૈસા વેરતા હોવાથી કોઈ પગલાં ભરાતાં નથી આખરે હારી-થાકીને મૂળ માલિકો શરણાગતિ સ્વીકારતા હોય છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા સામાન્ય ખેડૂતોની જમીન કે ખાનગી માલિકીની અને જાહેર ટ્રસ્ટની ધર્મસ્થાનોની જમીન ઉપર કબજો કરનારા ભૂમાફીયાઓની શાન ઠેકાણે લાવવા નવો કાયદો અમલી બનાવ્યો છે અને આ માટે કલેક્ટરની અધ્યક્ષતામાં કમીટીની રચના કરવામાં આવી છે છતાં અનેક અરજદારો પોતાને ન્યાય મળતો નથી અને ક્યાંક ફરીયાદ કર્યા પછી પણ લેન્ડગ્રેબીંગને લાયક નથી તેવા જવાબ મળી રહ્યા છે.

# પ્રજાની સુખાકારીમાં વધારો થાય તે દિશા રાજ્ય સરકાર કામ કરી રહી છે : જુગલજી ઠાકોર

**આઝાદીમાં આપણા જીલ્લાના આદિવાસી બંધુઓનો અમુલ્ય ફાળો રહેલો છે : જીલ્લા પંચાયત પ્રમુખશ્રી લાલસિંહ ચૌહાણ : જીલ્લાના લાભાર્થીઓને રાજ્ય સરકારની યોજનાઓના લાભો તથા મંજૂરી પત્રકોનું વિતરણ કરીને લાભાન્વિત કરાયા : મોડાસાના ભામાશા હોલ ખાતે રાજ્યસભાના સાંસદની અધ્યક્ષતામાં સુશાસન સપ્તાહનો પાંચમો દિવસ ઉજવાયો**

બાયડ તા.૨૯

રાજ્ય સરકારના સુશાસન સપ્તાહના અન્વયે સામજિક ન્યાય અને અધિકારિતા વિભાગ અને આદિજાતી વિભાગ દ્વારા આયોજીત પાંચમાં દિવસે અરવલ્લી મોડાસાના ભામાશા હોલ ખાતે રાજ્યસભાના સાંસદશ્રી જુગલજી ઠાકોરની ઉપસ્થિતિમાં જીલ્લાના લાભાર્થીઓને રાજ્ય સરકારની યોજનાઓના લાભો તથા મંજૂરી પત્રકોનું વિતરણ કરીને લાભાન્વિત કરાયા.

આ પ્રસંગે સાંસદશ્રી જુગલજી ઠાકોર પ્રાસંગિક પ્રવચન આપતા જણાવ્યું કે, માં ભોમની રક્ષા કાજે બોર્ડર પર દેશના જવાનો પોતાની છાતી પર ગોળી ખાવા માટે તૈયાર રહે છે. માં ભોમની રક્ષા કરવા માટે દેશનો દરેક સૈનિક શહીદી વહોરે છે. આપણા દેશના વીર જવાનોથી ભારત માતા અને આપણે સૌ સુરક્ષિત છીએ. જવાનો ઠંડી હોય કે ગરમી હોય કે બરફ પડે તોપણ આવી પરિસ્થિતિઓમાં તે પોતાની ફરજ બજાવવા માટે ખડેપગે રહેતા હોવાનું જણાવ્યું હતું

તેમણે રાજ્યમાં સુશાસન દિવસની ઉજવણી અંતર્ગત સામજિક ન્યાય ને અધિકારિતા અને આદિજાતિ વિભાગની વાત કરતા કહ્યુ હતુ કે, આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૪થી દિલ્હીની સત્તા સંભાળી ત્યારથી તેમણે એક સંકલ્પ કર્યો હતો કે, સુશાસનમાં પારદર્શકતા હોવી જોઈએ. આજે તેમની અધ્યક્ષતામાં તથા તેમના કદમથી કદમ મિલાવીને ચાલી રહેલા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ રાજયનું નેતૃત્વ કરી રહ્યા છે. ત્યારે તેમણે પણ રાજયને સર્વશ્રેષ્ઠ બનાવવા માટે ખુબ જ સારા કાર્યો કરી રહ્યા છે. અરવલ્લી જીલ્લાનાં દરેક અધિકારી કર્મચારીશ્રીઓ



પ્રજાના દરેક પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે કટીબદ્ધ છે. તેઓ સારી કામગીરી કરીને જિલ્લાની પ્રગતિમાં વધારો કરી રહ્યા છે. રાજ્ય સરકારે દરેક સ્થળનું પરિભ્રમણ કરીને પ્રજાની સુખાકારીમાં વધારો થાય તે દિશા તરફ આગળ વધી રહી છે.

તેમણે વધુ વાત કરતા જણાવ્યું કે, મુખ્યમંત્રીશ્રીના પેપરલેસ કામગીરી કરવા માટેના નિર્ણયને બિરદાવું છું. રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગોને વિવિધ પ્રકારના સાધનોની સહાયો પૂરી પાડી છે. વૈશ્વિક મહામારીને ધ્યાને લઈને જેને પણ કોરોનાની રસી લીધી નથી તેમણે રસીકરણ કરવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખશ્રી લાલસિંહ ચૌહાણે જણાવ્યું કે, સુશાસન દિવસને ઉજવવાનું કાર્ય સરકાર વર્ષોથી કરતી આવી છે. પ્રજાના સુખ દુઃખમાં ઉભી રહેનારી આ સરકાર છે. આઝાદીમાં જલિયાંવાલા બાગમાં જે કાંડ થયો હતો તેવો કાંડ પણ જિલ્લામાં થયેલો છે જેમાં આપણે એક હજાર જેટલા આદિવાસી બંધુઓ ગુમાવ્યા છે. તેમનો ફાળો પણ આઝાદીમાં મહત્વનો છે. સરકારે વૃદ્ધો માટે પેન્શન સહાય આપે છે. સરકારે પ્રજાની કાળજી લીધી છે. આ ઉપરાંત કૃષિ લક્ષી અનેક હિતકારી નિર્ણય કર્યા છે.

જીલ્લા અગ્રણીશ્રી રાજેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, આજે જીલ્લાના છેવાડાના માનવી સુધી સરકારની વિવિધ યોજનાઓના લાભ લોકો સુધી પહોંચ્યા છે.એ એક પારદર્શક સરકાર હોવાથી શક્ય બન્યું છે. સરકારે જનધન ખાતા દ્વારા દેશના ગરીબ વર્ગના લોકોને જીરો બેલેન્સમાં ખાતા ખોલી આપીને સરકારના લાભો સીધા જ એમના ખાતામાં જમા કર્યા છે. સરકારે દિવ્યાંગો, મહિલાઓ, ખેડૂતો તમામને સહાયો આપી છે.

આ કાર્યક્રમમાં સાંસદશ્રીના વરદ હસ્તે ડીઝલ મશીન લોડીંગ સાયકલ અને સલામતીના સાધનોની રૂ.૫૦૦૦ હજારની સહાયની કિટો, ડૉ.આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજનાના રૂ.૪૨૦૦૦ સહાયના, ડૉ.આંબેડકર આવાસ યોજના રૂ.૨૦૦૦૦ની સહાયના, પશુપાલન યોજના, મકાન સહાય યોજના, કુંવરબાઈ મામેરા સહાય યોજનાના મંજૂરી પત્રકો તથા ઈલેક્ટ્રિક એપ્લાયન્સીસ રીપેરીંગની કીટ તેમજ બસ પાસ યોજનાના ઓળખ કાર્ડ, દિવ્યાંગતાના સર્ટી, અંત્યોદય યોજનામાં રેશનકાર્ડ અને વૃદ્ધ સહાય યોજના હેઠળ લાભો આપીને લાભાન્વિત કરાયા.

આ પ્રસંગે જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટિયા, મોડાસા નગરપાલિકા પ્રમુખ શ્રીમતી જલ્પાબેન ભાવસાર, પ્રાયોજના વહીવટદારશ્રી એસ.પી.મુનિયા, અગ્રણી શ્રી ભીખાજી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિકારીશ્રીઓ, તેમજ જીલ્લાના અન્ય અધિકારી/કર્મચારીશ્રીઓ તેમજ લાભાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# બાયડમાં જિલ્લાનું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર શરૂ કરવાની જોરદાર માંગ

**વાત્રક નજીક સરકારી જમીનનો સદુપયોગ થાય તેવી ખેડૂતોની ઈચ્છા**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯ નવરચિત અરવલ્લી જિલ્લામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તત્કાલ શરૂ કરવું જોઈએ તેવી માંગ થઈ છે ત્યારે બાયડમાં જિલ્લાનું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર શરૂ કરવાની પ્રગતિશીલ ખેડૂતોએ જોરદાર માંગ કરી છે અને આ અંગે રાજ્યના મુખ્ય મંત્રી તેમજ કૃષિ પ્રધાનને ૧૦ વર્ષ અગાઉ લેખિત રજૂઆત છતાં કોઈ હલ આવ્યો નથી. વાત્રક નજીકની સરકારી જમીનનો સદુપયોગ થાય તો ગેરકાયદે દબાણો અટકાવી શકાય તેવી ખેડૂતોએ ઈચ્છા વ્યક્ત કરી છે.

ગુજરાત ખેતી ક્ષેત્રે સર્વોત્તમ વિકાસદર હાંસલ કરી રહ્યું છે. સરકાર દ્વારા દર વર્ષે કૃષિ મહોત્સવ યોજાઈ રહ્યા છે જેના કારણે ખેતીથી મોં ફેરવી રહેલા અનેક યુવાન ખેડૂતો ખેતીને ઉદ્યોગ તરીકે સ્વીકારવા માટે તૈયાર થયા છે. સાબરકાંઠા જિલ્લામાંથી વિખુટા પડેલા અરવલ્લી જિલ્લામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર શરૂ કરવામાં આવે તો જિલ્લાના ૯૦ હજારથી વધુ ખેડૂતોને લાભ થાય તેમ છે ઉપરાંત ખેડૂતોને ગુણવત્તા યુક્ત બિયારણ, ફળદ્રુપ જમીન તેમજ નબળી જમીનની ફળદ્રુપતા વધારવા માટે માર્ગદર્શન કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાંથી મળવા લાગે તો ખેતીના વ્યવસાયને ખોટનો ધંધો માનતા ખેડૂતો માટે ખેતીનો વ્યવસાય ફાયદાનો ધંધો બની રહે તેમ છે. નવરચિત અરવલ્લી જિલ્લામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર શરૂ કરવામાં આવે તેવી જોરદાર માંગ થઈ રહી છે. અરવલ્લી જિલ્લામાં જમીનના ભાવ આસમાને પહોંચ્યા છે ત્યારે સરકારે બાયડ તાલુકાના વાત્રક નજીકના વિનયન કોલેજ નજીકની પડતર જમીનનો ઉપયોગ કરી ત્યાં અદ્યતન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર શરૂ કરવામાં આવે તેવી બાયડ, તેનપુર, ભુડાસણ, વાત્રક, આકરૂન્દ, ડેમાઈ, સાઠંબા, ગાબટ, સરસોલી, વસાદરા સહિતના ખેડૂતોએ માંગ કરી છે. બાયડ તાલુકાના પ્રગતિશીલ ખેડૂતોએ રાજ્ય કક્ષાએ તેમની ખેતી ક્ષેત્રની ખુબીના કારણે વર્ષોવર્ષ મુખ્ય મંત્રીના હસ્તે એવોર્ડ મેળવ્યા છે ત્યારે બાયડને જિલ્લા કૃષિ વિજ્ઞાન કેન્દ્રનું સૌભાગ્ય પ્રાપ્ત થાય તેમ ખેડૂત આલમ ઈચ્છી રહ્યો છે.

# સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ દ્વારા ૧૩૭માં સ્થાપના દિવસની ઉજવણી કરાઈ

હિંમતનગર, તા. ૨૯ અંગ્રેજોની ગુલામીમાંથી સ્વાતંત્રતા - સ્વાતંત્રતાથી દેશ નિર્માણ- દેશ નિર્માણથી આધુનિક ભારતની દિશા આપનાર- ભારતની વિવિધતામાં એકતા રાખી -દેશ ને અખંડીત રાખનાર-અસંખ્ય ત્યાગ, બલિદાન અને ખુમારીનો વારસો ધરાવનાર "ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ"નાં ૧૩૭ માં સ્થાપના દિવસ નિમિતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર નાં આદેશ અનુસાર સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ સમિતી દ્વારા હિંમતનગરના મોતીપુરા વિસ્તાર માં




આવેલ સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત માનસિક દિવ્યાંગ બાળકો ની સંસ્થા નાં ૧૦૦ દીકરાઓ અને ૧૨ દીકરીઓ ને ભોજન કરાવી તેમની સાથે સમય વિતાવી કોંગ્રેસ નાં ૧૩૭ માં સ્થાપના દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી

આ પ્રસંગે સાબરકાંઠા જીલ્લા પ્રમુખ કમલેશ પટેલ તાલુકા પ્રમુખ લાલસિંહ પરમાર મહેન્દ્રસિંહ બારૈયા રામભાઈ સોલંકી મુકેશ પરમાર દેવ પટેલ રાજેન્દ્ર દુંન રફીક કુરેશી કમલાબેન પરમાર યુસુફભાઈ બચ્ચા વિગેરે કોંગ્રેસ નાં હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા.

# જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં સિંચાઈની અપૂરતી સુવિધાથી ખેડૂતોની હાલત દયનીય

**માત્ર આકાશી ખેતી ઉપર નભતા આદિવાસી ખેડૂતો**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯ રાજ્ય સરકાર નર્મદાનાં નિર સુજલામ સુફલામ કેનાલ મારફતે કચ્છના સૂકાભઠ્ઠ વિસ્તારો સુધી પહોંચાડી હરીયાળી સર્જી છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં સિંચાઈની અપૂરતી સુવિધાઓના કારણે ખેડૂતોની હાલત હજુ પણ દયનીય બની રહી છે. ડુંગરાળ વિસ્તારોમાં ખેડૂતોના ખેતર સુધી કેનાલો મારફતે સિંચાઈનું પાણી જઈ શક્યું નથી. જેના કારણે આદિવાસી ખેડૂતોને માત્ર આકાશી ખેતી ઉપર મદાર રાખવો પડતો હોય છે.

જિલ્લામાં સુજલામ સુફલામ કેનાલનો મહત્તમ લાભ ખેડૂતોને મળવા લાગતાં ખેડૂતોની આર્થિક સ્થિતિમાં સુધારો આવ્યો છે. ખેડૂતો તમામ સીઝનની ખેતીમાં જળાશયોમાંથી છોડાતા સિંચાઈના પાણીનો ફાયદો ઉઠાવી રહ્યા છે પરંતુ જિલ્લાના આદિવાસી વિસ્તારમાં ડુંગરોને કારણે કેનાલનાં પાણી ખેડૂતોના ખેતર સુધી પહોંચી શક્યું નથી. વિજયનગર તાલુકામાં હરણાવ જળાશયમાં પર્યાપ્ત માત્રામાં પાણી ભરાય છે પરંતુ સિમિત વિસ્તારો સુધી ખેડૂતોને તેનો લાભ મળી રહ્યો છે. મોટા ભાગના વિસ્તારોમાં સિંચાઈની અપૂરતી સુવિધાના કારણે આદિવાસી ખેડૂતોની આર્થિક સ્થિતિમાં કોઈ સુધાર આવ્યો નથી. સરકારે કચ્છ સુધી નર્મદાનું પાણી વહેતું કર્યું પરંતુ જિલ્લાના આદિવાસી વિસ્તારોને તેનો કોઈ સીધો ફાયદો થયો નથી. જેના કારણે સ્થાનિક ખેડૂતોને માત્ર ચોમાસુ ખેતી ઉપર આધાર રાખવો પડતો હોય છે. જ્યારે ખેતીની જમીનો પણ સમથળ ન હોવાથી ઢોળાવવાળી જમીનમાં ખેતી થતી જોવા મળી રહી છે. જિલ્લામાં આદિવાસી ખેડૂતોની સરકારે સાચા અર્થમાં સ્થિતિ સુધારવી હશે તો સિંચાઈનાં પાણી ખેડૂતોના ખેતરો સુધી પહોંચતાં કરવાં જોઈએ તેવો સૂર ખેડૂત આલમમાંથી ઉઠવા પામ્યો છે.